આ રાજાવલીના આધારે આ૦ શ્રીભદ્રબાહુસ્વામી અને મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, શૂન્યવાદી નિહ્નવ અશ્વમિત્ર અને રાજા અશોક, આર્ય મહાગિરિજી અને સમ્રાટ સંપ્રતિ, તથા આ૦ કાલકસૂરિ (ચોથા કાલિકાચાર્ય) અને વલભીપતિ ધ્રુવસેનની સમકાલીનતા બરાબર સાધી શકાય છે. વળી, યુગપ્રધાનોની ઘટનાઓમાં ૪૧૦ વર્ષનું આંતરું જ વધુ મેળ આપે છે. એટલે કે વિક્રમની પહેલી સહસ્રાબ્દી સુધીની ઐતિહાસિક ઘટનાઓમાં આ ગણતરી વધારે ઉપકારક નીવડે તેમ છે. અહીં નંદવંશમાં ૧૫૫ને બદલે માત્ર ૯૫ વર્ષ બતાવ્યાં છે એ ૬૦ વર્ષનો ફરક પડવાથી વિક્રમ સંવતનો પ્રારંભ વીર સં. ૪૧૧માં આવે છે.*

[૨] કેટલાએક આચાર્યો માને છે કે, વીરનિર્વાણ સંવત ૪૭૧થી વિક્રમ- સંવત શરૂ થયો છે. તેના આધારપાઠો નીચે પ્રમાણે છે :

---

★ નંદવંશના વર્ષ ૯૫ અને વીર સં. ૧૫૫માં રાજ્યાભિષેક. આ વાતને પુરાણો, બૌદ્ધગ્રંથો અને અંગ્રેજ વિદ્વાનો પણ વધુ ટેકો આપે છે; જેના થોડાક નમૂનાઓ :

૧. **मुक्त्वा महीं वर्षशतं, ततो मौर्यान् गमिष्यति ॥२२॥**

નંદો ૧૦૦ વર્ષો સુધી પૃથ્વી ભોગવશે અને પછી **મૌર્ય** રાજાઓ થશે. (મત્સ્યપુરાણ, અધ્યાય ૨૭૧, શ્લોક ૨૨)

૨. **मुक्त्वा महीं वर्षशतं, नन्देन्द्रः स गमिष्यति ॥३३०॥**
**चन्द्रगुप्तं नृपं राज्ये, कौटिल्यः स्थापयिष्यति ॥३३१॥**

નંદો પૃથ્વીને ૧૦૦વર્ષ પર્યન્ત ભોગવી નાશ પામશે અને પછી ચાણક્ય ચંદ્રગુપ્તને રાજ્યગાદીએ બેસાડશે. (વાયુપુરાણ અધ્યાય ૯૯, શ્લોક ૩૩૦-૩૩૧)

૩. રાજગૃહીનો રાજવંશ – **અજાતશત્રુ** વર્ષ ૩૨, ઉદાયી વર્ષ ૧૬, અનુરુદ્ધ મુંડ વર્ષ ૮, નાગદાસ વર્ષ ૨૪, સુસુનાગ વર્ષ ૧૮, કાલાશોક વર્ષ ૨૮, તેના પુત્રો વર્ષ ૨૨, નવનંદ વર્ષ ૨૨, **ચંદ્રગુપ્ત** વર્ષ ૨૪, બિંદુસાર વર્ષ ૨૮, અનભિષિક્ત **અશોક** વર્ષ ૪. આ પ્રમાણે અનુક્રમે રાજાઓ થયા છે. આ હિસાબે બુદ્ધ કે શ્રેણિક પછી ૧૭૦ વર્ષો જતાં ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક આવે છે. (બૌદ્ધ મહાવંશ કાવ્ય પરિચ્છદ ૪, શ્લોક ૧ થી ૮; પરિચ્છેદ પાંચમો, શ્લોક ૧૪ થી ૨૨.)

૪. પ્રો. હર્મન જેકોબી તથા જાર્લ શોર્પેટિયર વગેરે માને છે કે વીર સં. ૧૫૫માં ચંદ્રગુપ્તનો **રાજ્યાભિષેક** અને ત્યાર પછી ૨૫૫ વર્ષે **વિક્રમ** એમ વીરસંવત અને વિક્રમસંવતની વચ્ચે ૪૭૦ ને બદલે (પાલકના ૬૦ વર્ષ ન લેતાં) ૪૧૦ વર્ષનું આંતરું માનવું જોઈએ. (ઇન્ડિયન એન્ટિક્વેરી જુન, જુલાઈ, ઓગષ્ટ સને ૧૯૧૪)

૫. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે ભારત પર આક્રમણ કર્યું અને ઈ.સ. પૂર્વે ૩૨૨માં ચંદ્રગુપ્ત મગધના સિંહાસને આવ્યો.

**ई. पूर्व ३२५ में सिकंदर ने भारत पर आक्रमण किया और ईस्वी. पूर्व ३२२ में चंद्रगुप्त मगध के सिंहासन पर बैठा । ये दो तिथियां भारत के प्राचीन इतिहास में निश्चित समज ली गई ।** (મૌર્ય સામ્રાજ્ય કા ઇતિહાસ, પૃ. ૩૬)